# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

આપત્તિમાં પણ પોતાનો ઘોડો ઠેકાવે છે,
ચિત્તાઓ પર પોતાનો રોટલો સેકાવે છે.
અકળાવે છે પ્રચારમાં રહેવાની વૃત્તિ -
સ્મશાન-હાંડલીમાં ય ખીચડી પકાવે છે..
(કેદાર પરિસર બાંધી દઉં?!)

**હાઇકુ**

ગ્યા'તા દર્શને,
-ને થયો સાક્ષાત્કાર,
યમરાજનો..

ભૂખ્યાં-તરસ્યાં,
રડી રડી આંખોનાં
સૂકાયાં આંસુ..

## ચિંતન

**બહુભિર્ન વિરોદ્ધવ્યં દુર્જનૈઃ સ્વજનૈ રપિ ।**
**સ્ફૂરન્તમપિ નાગેન્દ્રં ભક્ષ્યન્તિ પિપીલિકાઃ ॥**

'દુર્જનો હોય કે સ્વજનો, પણ જનસમૂહ - ઘણા લોકો - બહુમતિની સાથે વિરોધ કરવો સારો નહીં, કારણ કે ફૂંફાડા મારી રહેલા મોટા સાપને પણ કીડીઓનું ઝૂંડ કોરી ખાય છે.'

આજની કહેવાતી 'લોકશાહી'માં નાણા-દારૂ અને વસ્તુઓ-વચનો વેંચી મત ખરીદવામાં આવે છે. અથવા મની-મસલ્સ-ગુંડા-ગીર્દીના દબાણે મત પડાવી લેવામાં આવે છે કે ખોટાં નામે મતદાન કરી- કરાવી 'બહુમત' મેળવી 'લોકશાહી'ને રાજકીય પક્ષો પોતાની 'ગુલામ' બનાવી એની પાસે ધાર્યા નિર્ણય લેવડાવી - 'લોકશાહી'ને બલિનો બકરો બનાવી પોતાના જ હેતુઓ - મકસદ પાર પાડે છે. આવી બહુમતિ ચાહે સજ્જન લોકોની હોય કે દુર્જનોની - પણ એનો વિરોધ કરનાર વધારે મુશ્કેલીમાં મૂકાઇ જાય છે.

આજે નિષ્ઠાવાન સચિવ કે કર્મચારી સચિવાલયમાં ચાલતા નથી. નિષ્ઠાવાન પોલીસ અધિકારી કોઇ ખૂણા-ખાચરાની પોષ્ટ પર ફેંકાઇ જાય છે. આમ સામે ન પડો તો પણ આવા હાલ થાય છે તો અસત્યનો વિરોધ કરો તો શું થાય.

એટલે જ આ શ્લોકમાં 'બહુમતિ' એમાં દુર્જનો હોય કે સજ્જનો પણ એનો વિરોધ ન કરવો મૌન રહી, જાતને સાચવી, વર્તન કરવું.

## સુવિચાર

- સાર (સત્ત્વ) વગરના પદાર્થનો આડંબર ઘણો હોય છે જેમ કે, સોનાનો એટલો રણકાર થતો નથી, જેટસો કાંસાથી થાય છે - **જ્ઞાનદેવ**
- સંયમ અને સખત પરિશ્રમ એ બેવ માણસ માટેના શ્રેષ્ઠ નિસર્ગોપચારક વૈદ છે - **મુનિ શિતાંશુચંદ્રજી**
- પસ્તાવો હૃદયની વેદના છે, અને નવનિર્માણ જીવનનો ઉદય છે - **જૈન ધર્મ**
- કોઇને શબ્દોથી કાપો નહીં, પણ કોઇનાં દિલમાં સુંદર શબ્દો રોપો- **ઇઝરાયેલી કહેવત**
- જે મનને બહેકાવે તે જ્ઞાન નથી, જે મન ને શાંતિ અને સ્થિરતા આપે તે જ જ્ઞાન - **જ્યોર્જ બર્નાડ શો**
- દુનિયામાં સતત દુઃખ ને યાદ અપાવનારા સગાવહાલાં સતત મૌજુદ હોય છે, તેથી પરિવારની છેલ્લી વ્યક્તિ જીવે ત્યાં સુધી વેરભાવના ટકી રહે છે - **મહાભારત**

## બોધ કથા

ક્ષમા-દયા-ધીરજ-સહનશક્તિ આ સંત સમાજમાં ઉમદા ચરિત્ર માટે ઉમદા શબ્દો છે પણ આજના કલિયુગી વ્યવહાર જગતના સૂત્રોમાં 'જેવા સાથે તેવા' - 'બોલે એના બોર વેચાય' નો વહેવાર જ સફળતા અપાવે છે. રાજકારણના એક વખતના ગુરૂ-શિષ્યો કેવા કટ્ટર થઇ શકે એ સમાજ જુએ જ છે. ચાણક્યની કુટિલ રાજનીતિ જ આજે 'સફળતા'નો સાચો માપદંડ છે.

એક તપોવનમાં રાજકુમારોને એક યોગી સંત શસ્ત્રવિદ્યા સાથે રાજકારણની અટપટી વાતો પણ શિખવતા હતા. એક રાજકુમારને ભાલાયદ્ધમાં નિષ્ણાંત બનાવ્યા પછી - યોગી શિક્ષકે કહ્યું આજે હું તારી સાથે યુદ્ધ કરીશ - તૈયાર થઇ જા!

રાજકુમાર તો ભાલાયુદ્ધના બધા જ દાવપેંચ જાણતો હતો પણ અચાનક ગુરૂજી બે તલવાર લઇ આવ્યા અને શિષ્ય સામે તલવાર ફેંકી - ચેલેન્જ મારી 'ચાલ આવી જા.'

રાજકુમાર તો આશ્ચર્યચકિત થઇ ગયો. ગુરૂજી એ તો માત્ર ભાલાયુદ્ધની તાલીમ આપી હતી અને આજે તલવારથી યુદ્ધ કરવાનું કેમ કહે છે! પણ વિચારવાનો સમય ન હતો - તરત તલવાર ઉપાડી મુકાબલો શરૂ કર્યો... ગુરૂજીએ શાબાશી આપી કહ્યું, બસ આજે તને આ જ અંતિમ શિક્ષણ આપવાનું હતું. જિંદગીમાં જે પરિસ્થિતિ આવે ત્યારે સંજોગો પારખી આપણું હથિયાર બદલતાં રહી મુકાલબો કરી લેવો!

E-mail : sureshchandrabhatt18@gmail.com

# કુમાર ચંદ્રક, ગુ.સા. અકાદમી તથા ગુ. સા. પરિષદ દ્વારા પોંખાયેલા આ કવિને તાજેતરમાં જ મોરારિબાપુના હસ્તે નરસિંહ મહાતા એવોર્ડ પણ એનાયત થયો છે

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા

૧૯૮૭માં ભાવનગરથી રાજકોટ નોકરીમાં મારી બદલી થઈ. માત્ર નોકરી કરવાનું પહેલેથી જ ગમતું નહોતું, એટલે માત્ર એક વર્ષમાં જ કૃષ્ણકાંતભાઈ ધોળકિયાની શિક્ષણ સંસ્થા જ્ઞાન ગંગામાં અધ્યાપનકાર્ય માટે હોંશે હોંશે જોડાઈ ગયો.

વર્ગખંડમાં દસમા ધોરણના છાત્રોને ગુજરાતી વિષય ભણાવતો હતો. ત્રણ વર્ષ ભણાવ્યું. વર્ગમાં મિત્રો મળ્યા અને વડીલ શિક્ષકો પણ મળ્યા હતા. એમાં હતા પૂ. નવલશંકર શાસ્ત્રી. સંસ્કૃત અને ગુજરાતી વિષયમાં પારંગત. દયાળુ, માયાળુ એના જ. શિવરાત્રીના આગલા દિવસે સાંજે બારમા ધોરણની વિદ્યાર્થીનીઓને કવિ કાન્તનું ખંડકાવ્ય 'ચક્રવાક મિથુન' ભણાવેલું. રાત્રે પોતાના સ્કૂટર ઉપર ઘેર જઈ રહ્યા હતા. જામનગર રોડ ઉપરના બ્રીજથી જતા હતા અને સામેથી આવતા કાળમુખા ટેન્કરે તેમને ઠોકર મારી! શાસ્ત્રીજીનું પ્રાણ પંખેરૂં ત્યાંને ત્યાં ઊડી ગયું હતું.

અઠવાડિયા પછી તેમના સ્થાને મને બારમા ધોરણના વિદ્યાર્થીઓને ભણાવવાની સૂચના મળી. નવલભાઈને મનોમન વંદના કરી ભણાવવાનું આરંભ્યું હતું. સવાર અને સાંજ દસ વર્ગોમાં ભણાવવાનું થયું. પૂર્વે ભાવનગર સાત વર્ષ ભણાવેલું. એ દિવસની મધુર ક્ષણો આજેય હું ભૂલ્યો નથી. કવિ ભાનુપ્રસાદ પંડ્યા પ્રત્યે, તપ્તસિંહ પરમાર, ખોડીદાસ પરમાર, દક્ષાબેન પટ્ટણી અને જનાર્દન દવે જેવો જ લગાવ હતો. એમાંય રાજકોટ આવ્યો ત્યારથી એમને મળવાની ઈચ્છા હતી.

### વાત્સલ્ય, જ્ઞાન અને માર્ગદર્શનનું ઝરણું રાજકોટમાંય મારામાં વહે છે



વર્ગમાં મેં એમનું 'કુમાર'ના માર્ચ-૧૯૯૧માં પ્રકાશિત થયેલું મને અને સૌ વિદ્યાર્થીઓને ખૂબ જ પ્રિય સોનેટ ભણાવવાનું શરૂ કર્યું : 'મિત્રો, કવિ ભાનુપ્રસાદ મૂળશંકર પંડ્યા અમરેલી જિલ્લાના વતની છે. હાલ રાજકોટમાં રહે છે મુખ્યત્વે કવિ અને વિવેચક છે. તોરી ગામમાં જન્મેલા આ કવિનું વતન તરવડા છે.'

'અરણ્યો ઢૂંઢે' સોનેટમાં રામ-સીતાના મધુર દામ્પત્યના બે પલટાતાં ભાવચિત્રોનું આલેખન થયું છે. સીતાની મુગ્ધ ચંચલ શિશુ સહજ ચેષ્ટાઓ તથા એના શ્રમથી થયેલો પ્રસ્વેદ જોઈને રામ સીતાજીના ભાલે ફરીથી ચાંદલો કરે છે. રામની રૂચિપતાથી સીતાજીના મુખ પર સ્મિત ફરકે છે. તે મધુર દામ્પત્યની અવસ્થા પ્રગટ કરે છે. સોનેટ ભણાવતાં- ભણાવતાં કવિએ કરેલા વસંત ઋતુની ચર્ચા નિબંધ માટે પણ કરી હતી. તાસ પુરો થયાં પછી સત્તર વર્ષનો સપ્રમાણ ઊંચાઈ, શરીર સૌષ્ઠવ ધરાવતો એક યુવાન મને વર્ગના દરવાજા પાસે મળ્યો અને બોલ્યો હતોઃ 'હું ભાનુપ્રસાદ પંડ્યાનો પુત્ર રૂચિર.' મને ગૌરવ થાય જ ને? આજે પ્રાધ્યાપક પદે કાર્યરત, પિતાના વારસાને સંભાળતો રૂચિર મળે છે ત્યારે અનહદ આનંદ થાય છે.

પછી તો કવિ કેતન મહેતા, રાજેશ મહેતા, રૂસ્વા મઝલૂમી, ભાસ્કર ભટ્ટ, જયશંકર રાવલના પુસ્તકોના એમણે કરેલા લોકાર્પણ કાર્યક્રમોના સંચાલન સમયે મળવાનું બનતું રહ્યું. કુદરતી રીતે મને ભાનુપ્રસાદ પંડ્યાના પગ પાસે બેસીને કંઈને કંઈ શીખવાનું, જાણવાનું ગમતું હતું અને હું તે પ્રાપ્ત પણ કરતો હતો. એમનો સાલસ પ્રેમાળ, હસમુખો, નિઃસ્પૃહી સ્વભાવ મને તેમના તરફ બહુ આકર્ષતો હતો. વિદ્યાર્થીઓને ખૂબ ઉપયોગી થયેલા મારા પુસ્તક 'નિબંધ વિહાર'ની પ્રસ્તાવના સહજ રીતે માત્ર આઠ દિવસમાં લખી આપી. તેમણે લખ્યું હતું કે, સરકારી કાર્યાલયમાં ટેકનિકલ બાબતો સંભાળવી અને શબ્દની ઉપાસના કરવીએ બેયને ભાગ્યે જ મેળ પડે! આમ છતાં વ્યવસાય એમના નિજી સાહિત્યરસમાં અવરોધક બન્યું નથી. એમનું વ્યક્તિત્વ એક સ્વસ્થ સંવેદનશીલ અધ્યાપકના જેવું લાગે. આથી તેઓ શબ્દલોકમાં આસાનીથી વિહરી શકે છે. સાહિત્યિક કાર્યક્રમોના સંચાલનમાં પણ એમનો આ જીવંત સાહિત્ય સંપર્ક શ્રોતાઓને એની પ્રતીતિ કરાવે છે.

મને તો જાણે એવોર્ડ મળી ગયો હોય એવી અનુભૂતિ અને હરખ થયો હતો. વર્ગખંડમાં 'દુનિયા અમારી' ગીત છાત્રોને ગવડાવી અંધ વ્યક્તિની પ્રસન્નતા અને ખુમારીનું વર્ણન અનેકવાર કર્યું છે.

ગીત કવિ મુકેશ પુરોહિતના ગીત સંગ્રહ 'વડલો હીંચકે ઝૂલે'ના વિમોચન કાર્યક્રમમાં અમે વાહનમાં કવિ નિરંજન રાજ્યગુરુના ગામ ઘોઘાવદર આનંદ આશ્રમ જતા હતા. એમણે કરેલી સોના જેવી વાત યાદ આવે છે. 'માણસને એમના વ્યવહારો બહુ જ રોકી રાખે છે. એટલે પ્રગતિ રૂંધાય છે!' આવો પ્રેરક સંદેશ મને મળતા રહે છે. ભાનુભાઈને વર્ષોથી જોઉં છું. શરીરનો બાંધો એવોને એવો. આજેય વર્ષે નિયમિત ચાલવું, પ્રાણાયામ કરવા, પ્રસન્ન રહેવું એ એમનો જીવન મંત્ર છે.

દૂરદર્શન રાજકોટના સાહિત્યિક કાર્યક્રમોમાં પણ એમની સાથે બેસી સાહિત્ય સરવાણી વ્હાવી છે, એ ધન્ય ક્ષણોને હું કેમ ભૂલું? એમને મળવાનું સતત ગમે છે. કુમાર ચંદ્રક, ગુ.સા. અકાદમી તથા ગુ. સા. પરિષજ દ્વારા પોંખાયેલા આ કવિને તાજેતરમાં જ મોરારિબાપુના હસ્તે નરસિંહ મહાતા એવોર્ડ પણ એનાયત થયો છે.

એમના સોનેટની મને ગમતી પંક્તિ પ્રસ્તુત છેઃ
વિલાની પ્રસ્વેદે પીગળી!- પથરો લાલ ઘસીને,
સ્વ હસ્તે સીતાને ટીલડી કરતા નાથ નમીને!

# માનવી જીવનમાં એવી અપેક્ષા રાખતો હોય છે કે કપરી ક્ષણોમાં તેને આશ્વાસન મળી રહે તે માટે એવો એક ખભ્ભો હોય જયાં એ માથું ટેકવીને રડી શકે, હળવો થઈ શકે

## હે પ્રભુ! મારા ખભા મજબૂત કર

## વિચાર યાત્રા

- જય ઓઝા

એક દૃશ્ય - મસમોટું ટોળું વર્તુળાકારે જામ્યું હોય વચ્ચોવચ મદારી, સાપને રમાડતો હોય, તે જોવા માટે જામેલા ટોળાનાં પાછલા ભાગે એક માણસ તેના બાળકની આંગળી પકડીને સુપેરે ખેલ જોતો હોય, પરંતુ સાવ ઓછી ઊંચાઇ ધરાવતું બાળક તે ન જોઇ શકવાથી અકળાતું હોય, - 'પપ્પા મારે પણ જોવું છે.' આ કાલા, મીઠા શબ્દો પપ્પાના કાને પડે એટલે પપ્પા તરત તેને ઊંચું કરીને ખભે બેસાડે. વચ્ચે ચાલતા ખેલની કુતૂહલતા કે વિસ્મયતા જોવા કરતાં વધારે આનંદ બાળકને એ હોય છે કે પોતે પપ્પાને ખભે ચડીને ઊંચાઇ પરથી કશુંક જોઇ શકે છે, આવો ભાવ જ તેને હર્ષનાં ઉદ્ગાર કાઢવા પ્રેરે છે.

બીજું દૃશ્ય - માતા-પિતા સાથે આંગળીને પકડીને મંદિરે જતું બાળક, બીજા સ્ત્રી પુરૂષને ઊંચે ટાંગેલો ઘંટ વગાડતા જુએ છે, મમ્મીનો સાડીનો છેડો કે પપ્પાનું શર્ટ ખેંચીને ઘંટનાદ કરવાની પોતાની ઇચ્છા વ્યક્ત કરે છે. મમ્મી કે પપ્પા તેને ઊંચકીને ઘંટ પાસે પહોંચાડે છે, ત્યારે અવર્ણનીય આનંદ અનુભવતું બાળક ઘંટ વગાડે છે. આ ક્રિયા પેઢી - દર પેઢી ચાલ્યા કરે છે. મમ્મી કે પપ્પાને ખભે ચઢીને મંદિરનો ઘંટ વગાડતું બાળક બીજા વીસેક વર્ષ પછી આ જ ઘટનાનું પુનરાવર્તીત કરે છે, પોતાના બાળકને ખભે બેસાડીને તેની પાસે ઘંટનાદ કરાવે છે.

આજે આ પરિસ્થિતિમાં બદલાવ છે. માબાપ પોતાના બાળકને ખભે, છાતીએ કે કમરે-તેડવાનું પસંદ કરતા નથી! બાળકને કેડ પર લઇને ફરવું એ કદાચ પછાત પણું મનાવા લાગ્યું છે, સ્ત્રીઓ મોંઘા ભાવના લીધેલા ડ્રેસ અને સાડી બગડી ન જાય, ચીથરા ચૂથાઇ ન જાયે માટે પોતાના બાળકને એ રીતે ઉપાડે છે. કે જાણે કચરાની ડોલને ઉકરડામાં ફેંકવા ન જતાં હોય! અને એથી પણ આગળ વધી માવરૂઓ તો આ જવાબદારી આયાને જ સોંપે છે, હવે વળી આપણે ૨૧મી સદીના માનવો બાબાગાડીમાં જ બાબા કે બેબીને ધકેલીએ છીએ અને આથી જ બાળકો તેમની વહાલસોયી માના શરીરની હૂંફ અને મમતાના સીધા સંપર્કથી વંચિત જ રહી જાય છે.

માતા-પિતાના ખભે ચડીને જેણે બાળપણ નથી વિતાવ્યું એ આખી જિંદગી પાછળ જ રહી જાય છે, જે ઊંચાઇથી દુનિયાને નાનપણથી જોવાની ટેવ ન હોય તે ખતા જ ખાય ને! દુનિયાનાં દૂષણોનો સામનો કરવાની તાકાત એ બાળપણમાં નથી મેળવી શકતો પછી આખી જિંદગી આશ્રય માટે બીજાના ખભા શોધવામાં પસાર કરી દે છે.

બાળક અને માતા પિતાની વાત બાજુ પર મુકીએ તો પણ ખભા વ્યક્તિના જીવનમાં મહત્ત્વનો રોલ અદા કરે છે. એક સ્ત્રી પરિવારના બાળકો અને પરિવારની એકસૂત્રતા જાળવાની ભેખ લઇને ખભા મજબૂત રાખે છે. પુરૂષે પરિવારની આર્થિક, સામાજિક સુરક્ષા પુરી પાડવા ખભા મજબૂત રાખવા પડે છે. રખે ન! માનતા કે રોડ દંડ-બેઠક કરવાથી ખભા મજબૂત બને છે. આજકાલ જિમમાં જઇને છાતી, બાવડાં અને ખભાને વિકસિત કરવાની ફેશન ચાલી છે, ત્યારે એવું પણ બને કે કદાવર શરીર સૌષ્ઠવ ધરાવતો વ્યક્તિ એક નાના વાવાઝોડામાં ડગમગી જાય. ખભા મજબૂત ત્યારે બને છે જયારે વ્યક્તિ જીવનમાં આવતી તડકી-છાંયડી જુએ, મુશ્કેલીઓનો, નાનાવિધ પ્રશ્નોનો અડગ રહીને સામનો કરે, અને વળી ખભા મજબૂત કરવાની પ્રોસેસનો સમય મર્યાદિત નથી, સમગ્ર જીવન દરમિયાન બનતી સારી - નસરી ઘટનાઓની અસર તમાર પર પડે છે તે દરેકને જોવાનો તમારો દષ્ટિકોણ હકારાત્મક રાખો તો, ખભા ઉત્તરોતર મજબૂત થવાના જ. વજન ઊંચકવાની તૈયારી જોવે.

મને અંબૂજા સિમેન્ટનાં વિજ્ઞાપનનું પોસ્ટર યાદ આવે છે, જેમાં એક હિ-મેન તેના બે કદાવર બાહુઓ વચ્ચે સમગ્ર ઇમારતને સમાવી લે છે, મને તેના ખભા અને બાવડાં નાનપણમાં બહુ આકર્ષતા, આજેય આકર્ષણ થાય છે - પણ તેનો ગૂઢાર્થ હું આજે સમજ્યો છું.

દરેક વજને વાત જુદી છે - નિષ્ઠા, પ્રેમ, પ્રામાણિકતા આ બધા જ બોજ ખભા પર ઊંચકવા અને તેને નિભાવવા એમાં જ જીવનનું સાફલ્ય છે. બોજ ઊંચકવો અને બોજ ઊંચકાવવો એ આપણા જીવનનું અવિભાજ્ય અંગ છે. આપણે બોજ ઊંચકાવવામાં તો શૂરા-પૂરા છીએ પણ બોજ ઊંચકાવામાં દાંડાઇ કરીએ છીએ. આપણને મોટા કરવા માટે માતા-પિતા આપણો ભાર ખભે નાખી ચાલે છે, અને જરા પણ ઊંહકાર કર્યા વગર હસતે મોઢે જવાબદારી વહન કરે છે. જયારે આપણો વારો આવે છે, - એ મા-બાપને કાવડમાં બેસાડી ખભે ઊંચવકાનો, ત્યારે આપણે બોજ વેંઢારતા હોઇએ એવો ભાવ અનુભવીએ છીએ. આ તો કેમ ચાલે? મા-બાપે આપને ખભે બેસાડ્યા પણ આપણે તો માથે ચડી ગયા.

માનવી જીવનમાં એવી અપેક્ષા રાખતો હોય છે કે કપરી ક્ષણોમાં તેને આશ્વાસન મળી રહે તે માટે એવો એક ખભ્ભો હોય જયાં એ માથું ટેકવીને રડી શકે, હળવો થઇ શકે, પણ જયારે આવો ખભો ન મળે એટલે દુઃખી થઇ જાય, અરે! શું કામ આવા ધોખા કરવાનાં! ગમે તે કરો, મથો તૂટી જાઓ, માથા પછાડો, કાંઇ ફેર પડવાનો નથી. આપણા કુલી તો આપણે જ બનવાનું છે. આપણો બોજ આપણે નહી ઉપાડીએ તો કોણ ઉપાડશે?

હે પ્રભુ! એવી શક્તિ આપો કે હું બધી જવાબદારીઓને ખભે મૂકીને ચાલી શકું, અને તે પણ વળી ટટ્ટાર કયાંક વાચ્યું'તું કે - પ્રભુ મુશ્કેલી દેવી હોય તો દે, પણ મારા ખભા મજબૂત કર.

# તમે જ ભીખ માંગો છો, ખુદા પાસે ભીખ માંગો છો, તમારી પાસે શું માગવું

## ચિંતન

- કાન્તિભાઈ કે. કડિયા

બાદશાહ અકબર જંગલમાં શિકાર કરવા નીકળ્યા સાથે ઘણા માણસોનો રસાલો હતો. પરંતુ રાજા જંગલમાં ઘણા આગળ નીકળી ગયા. જંગલમાં એકલા પડી ગયા. ત્યાં જ તેમને એક ખેતર જોવામાં આવ્યું. અકબર બાદશાહ ખેતરમાં ગયા અને ખેતરનાં માલિકને કહ્યું, 'ભાઇ મને ખુબ જોરથી ભૂખ લાગી છે, તરસ પણ લાગી છે. તું મેને ખાવા-પીવાનું કંઇ હોય તો આપ હું આ રાજયનો માણસ છું. ખેતરના માલિકે કહ્યું, આપ મારે ત્યાં આવ્યા છો આપ મારા મહેમાન છો. ખેડૂતે ભોજન કરાવ્યું. ખેતરમાંથી તાજો શેરડીનો રસ પીવડાવ્યો. આરામ કરવા માટે ખાટલો ઢાળી આપ્યો. અકબર બાદશાહ ઘણા રાજી થઇ ગયા. બાદશાહને લાગ્યું આવું મધુર શરબત મને કદી પીવા મળ્યું નથી. જંગલનો રોટલો પણ સ્વાદિષ્ટ અને મીઠા લાગ્યો.'

બાદશાબ પાછા જવાની તૈયારી કરી રહ્યો હતો. ત્યારે ખેડૂતને કહ્યું કે તને કઇ વસ્તુની જરૂર પડે તો દિલ્હી આવજે. મારૂં નામ અકબર છે. કોઇને પણ મારૂં નામ પુછી લેજે અને પછી કહ્યું, કલમ, ખડીયો અને કાગળ આપ તને મારૂં નામ સરનામું લખી આપું. ખેડુત તો અભણ હતો. ખેતરમાં કાગળ-કલમ કયાથી મળે. ખેડૂતે માટીનો એ તુટેલો ઘડો હતો તે આપ્યો. સાથે ટુકડાનો એક કોલસો આપ્યો. બાદશાહે ત્યારે આ ઠીકરી વાળું લખાણ તું લેતો આવજે. ખેડૂતે કહ્યું ઠીક છે.

ખેડૂતે લખેલા ઘડાના ટુકડાને મુકી દીધો. બાદશાહ અકબર ત્યાંથી જતા રહ્યા. ઘણા વર્ષો પછી દુકાળ પડ્યો. અનાજની ખુબ તંગી પડી પોતાને માટે તથા ગાય ભેસ-બળદ માટે પણ ઘાસચારો ના રહ્યો. પાણીની પણ અછત હતી. ખેડૂતની પત્નીએ કહ્યું કે ઘણાં વર્ષો પહેલાં દિલ્હીથી એક માણસ આવ્યો હતો. તેને કહ્યું હતું કઇ વસ્તુની જરૂર પડે તો દિલ્હી આવજે. તો તમે જઇ આવો ને આપણી મુશ્કેલી દૂર થશે. ખેડૂત તો પેલી માટીની ઠીકરી (જેમાં બાદશાહે સહી કરી હતી) લઇને દિલ્હી ગયો. દિલ્હી પહોંચીને જે લોકોમળે તેને પૂછે કે અકબરીયાનું ઘર કયાં આવ્યું? અકબર બાદશાહનું નામ સાંભળી કોઇકે બાદશાહનો મહેલ બતાવ્યો. રાજાના મહેલના દરવાજે જઇ ત્યાં ઉભેલાં દરવાનને કહ્યું અકબરીયાનું ઘર આજ કે દરવાને ખીજાઇને કહ્યું તું કેવી રીતે બોલે છે તેનું તને ભાન છે. ખેડૂતે સાથે લાવેલ ઠીકરી બતાવી ને કહ્યું, અંદર જઈને કહો એક અભણ ખેડૂત તમને મળવા આવ્યો છે.

દરવાને ઠીકરી લઇને જોયું તો તે લખાણ જોઇ ચકીત થઇ ગયો. આતો ખુદ બાદશાહ અકબરે સહી કરી છે. તે લઇ બાદશાહ પાસે ગયો ને કહું બાદશાહ સલામત એક ગામડીયો માણસ આપને મળવા માગે છે. બાદશાટે ઠીકરીનું લખાણ જોઇ તરત જ તેને માનથી બાદશાહ પાસે લાવવાનો દરવાનને હુકમ કર્યો. ખેડૂત બાદશાહ પાસે આવ્યો. બાદશાહે તરત જ તેને બોલાવ્યો. બાદશાહ ઊંચા સિંહાસન પર બેઠેલા હતા. તેઓ ઊભા થઇને ખેડૂત પાસે આવ્યાં. ખેડૂતને પોતાની પાસે બેસાડીને કહ્યું, આપ થોડી વાર બેસો મારી નમાજનો સમય થઇ ગયો છે તેથી હું નમાજ પુરી કરી લઉં.

ખેડૂત જોઇ રહ્યો કે બાદશાહે એક કપડું પાથર્યું એની ઉપર ઉઠ બેસ કરી રહ્યા હતા. અકબરે નમાજ પુરી કરી ખેડૂત પાસે આવીને બેઠા, ખેડૂતે પૂછ્યું, આપ શું કરી રહ્યાં હતા. બાદશાહ કહ્યું, પરવર દિગારની બંદગી, પરમાત્માને પ્રાર્થના કરતા કહ્યું હું તો એક પણ વાર પરમાત્માને યાદ કરતો નથી છતા મને બધું જ આપ્યું છે. અને આપતો રહે છે. જયારે તમારે તો દિવસમાં પાંચ નમાજ કરી ઉઠબેસ કરવી પડે છે. ત્યારે તમને પરમાત્મા પાસેથી મળે છે. તમેજ બીજા પાસે ભીખ માંગો છો, તમારી પાસેથી શું કામ લઉં. ત્યારે બાદશાહ બોલ્યા, અરે ભાઇ તારે જે જોઇએ તે માગી લે, ખેડૂતે કહ્યું ઠીક જરૂર પડશે ત્યારે માગીશ એમ કહી ખેડૂત ઘેર પાછો ફર્યો. પત્નીએ કહ્યું શું થયું. પેલો માણસ મળ્યો. ખેડૂતે કહ્યું, હા મળ્યો, પણ એ માણસ પોતે જ ભીખ માંગે છે. તેની પાસે શું માગવું, એને માગી માગીને ધન ભેગુ કર્યું તેથી મે તેની પાસેથી કાંઇ ન લીધું.

બીજા દિવસે ખેડૂત તળાવ પાસે કુદરતી હાજતે ગયો પછી તળાવ કિનારે હાથ ધોતો હતો ત્યાં એક પિત્તળનો ચરૂ પડેલો જોયો. તેને આજુબાજુ નજર કરી તો કોઇ દેખાતું ન હતું. ખેડતે ચરૂનું ઢાંકણું ખોલ્યું તો અંદર સોના-ચાંદીની ગીનીઓ ભરેલી હતી. ખુબ ધન હતું. ખેડૂતે વિચાર્યું આ ચરૂ મારે નથી લેવો. પરવદ દિગાર પોતે જ મારે ઘરે મોકલશે તોજ લઇશ. ચરૂ ત્યાં રહેવા દઇ ખેડૂત ઘરે ગયો. રાત્રે ખેડૂતના ઘરમાં ચાર ચોર ઘુસ્યાં ત્યારે આ બંને પતિપત્ની જાગતા હતા. ખેડૂતે તળાવ પાસે સોનાનો ભરેલો ચરૂની વાત પત્નીને સંભળાવી. ત્યારે ઘરમાં ઘુસેલા ચોલો આ વાત સાંભળી ગયા. આ ખેડૂત મુરખ છે. ચાલો આપણે તળાવે જઇ ચરૂ લઇ આવીએ. જેથી આપણે પકડાઇ જવાનો ભય ન રહે. ચારે ચોરો તળાવ પાસે ચરૂ જોયો અને ખુશ થઇ ગયા. ત્યાં એક ચોરે ચરૂનું ઢાકણું ખોલ્યું તો અંદરથી ફુંફાડા મારતો નાગ ફેણ ચઢાવી ઉભો રહ્યો. ચોરો ડરી ગયા. ચોરો વિચાર કરવા લાગ્યા. ખેડૂતે આપણને જોઇ લીધા હશે. આપણને મારી નાખવા માટે જ આ બધી વાર્તા કરી હશે. આ ચરૂમા કોણ જાણે કેટલાય ઝેરી સાપ હશે. આ ચરૂં આપણે ખેડૂતના ઘરમાં ઠાલવી આવીએ. ચોરો એ ચરૂંનું ઢાંકણું બંધ કરી ખેડૂતના ઘેર લઇ ગયા. ચોરોએ ઘરનું છાપરૂં ખોલીન ચરૂ ઉલટો કરી દીધો. જેથી બધો જ માલ ઘરમાં પડ્યો. ઉપરથી પહેલા સાપ પડ્યો. તેના ઉપર સોના-ચાંદીનાં સિક્કા તથા ઝવેરાત પડ્યું તેથી સાપ ત્યાં જ દબાઇ ને મરી ગયો. સવારે બંને જણ જાગ્યા ત્યારે ઘરમાં ધનનો ઢગલો થઇ ગયો હતો. ખેડૂતે પત્નીને કહ્યું કોઇની પાસે શું કામ માગવું. ભગવાન કઇ રીતે આપે છે તે ખબર નથી પડતી.

"ખુદા દેતા હે તો છપ્પર ફાડકે દેતા હૈ" જે ભગવાન પર ભરોસો રાખે છે તેને ભગવાન ખાલી રાખતો નથી.